| | | | |
|---|---|---|---|
| કેસરજુકર્યા તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ | | |
| કેસ નોંધ્યા તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ | | |
| કેસ નિકાલ તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| **સમય અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૭** | **૧૧** |

**સુરેન્દ્રનગરના મહેરબાન સ્પે.(પોકસો) જજ (શ્રી એન.જી.શાહ) સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ ::– સુરેન્દ્રનગર.**

| |
|---|
| **સ્પે.(પોકસો) કેસ નંબર– ૩૨/૨૦૨૫** |
| **આંક–** |

**ફરીયાદી:–** શ્રી સરકાર

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** ચંદુભાઇ જેઠાભાઇ ચાવડા,
ઉ.વ. ૪૫, ધંધો–મજુરી,
રહે.થાનગઢ, આંબેડકરનગર–૫,
શાળા નં. ૧૦ પાસે, તા.થાનગઢ,
જી.સુરેન્દ્રનગર.

ગુન્હો::–ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઇ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબ.

| | | |
|---|---|---|
| ધારાશાસ્ત્રી | ફરીયાદપક્ષ તરફે એડી.પી.પી.શ્રી | ::– પી.જી.રાવલ. |
| | આરોપી તરફે વિ.એલ.એ.ડી.સી.શ્રી | ::– બી.એમ.ઝાલા |

## **–:: ચુ કા દો ::–**

(૧) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨માં ભોગ બનનારની ઓળખ છતી ન થાય તે બાબતે કરવામાં આવેલ જોગવાઇ અને નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતને આધારે આ અદાલતે ભોગ બનનારનું નામ આ જજમેન્ટમાં કોઇ જગ્યાએ જણાવેલ નથી અને તેણીને ફકત ''ભોગ બનનાર'' તરીકે સંબોધેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ઉપર બતાવેલ સરનામે તેમના પરીવાર સાથે રહે છે અને રાજદિપ સીરામીકમા મજુરી કામ કરી તેમના પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ત્રણ દિકરોઓ અને એક દિકરો હતો જે મરણ ગયેલ છે. દિકરીઓમાં મોટી દિકરી હેતલ જે પરણીત છે અને તેના સાસરે છે બાદ કૈલાશ જેને લવ મૅરેજ કરેલા છે હાલ તેના સાસરે છે અને સૌથી નાની દિકરી ભોગબનનાર જેની જન્મ તા.૦૮/૦૯/૨૦૧૦ છે જેની ઉમર ૧૪ વર્ષ ૦૯ મહીના અને ૦૭ દિવસની છે જે નાની હતી ત્યારે આંચકી આવી ગયેલી જેથી તેને મગજની તકલીફ છે તેની કોઇ સારવાર હાલ ચાલુ નથી તે અભણ છે. ફરીયાદી તા.૧૫/૦૬/૨૦૨૫ ના સવારના અવેક વાગ્યાની આસપાસ તેના પતિ બંને તેમની મોટી દિકરી હેતલના ઘરે તેમના ભાણેજની માનતા કરવાની હોય જેથી નાની મોલડી ગામે ગયેલા અને તેમની નાની દિકરી ભોગબનનાર તેની સાસુ પાસે ઘરે રાખેલ. બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે તેઓ નાની મોલડીથી તેમના ઘરે આવવા માટે નીકળેલ તે વખતે તેમના દીયર નરેશભાઇ રાઠોડનો તેમના પર ફોન આવેલ અને અને તેમને કહેલ કે તેમના પડોશમાં રહેતા ચંદુભાઇ જેઠાભાઇ ચાવડાએ ભોગબનનારની છેડતી કરેલી છે તમે જલ્દી ઘરે આવો જેથી તેમણે તેઓને કહેલ કે તેઓ નાની મોલડીથી નીકળી ગયેલ છે થોડીવાર માં આવીએ છીએ તેમ વાત કરેલ અને તેઓ ઘરે પહોચતા બજારમાં તેમના દિયર નરેશભાઇ તથા સાસુ રાણીબેન તેઓને સામા મળેલા જેથી તેઓ

ત્યાં ઉભા રહી તેમની ભોગબનનાર દિકરીને બનાવ બાબતે પુછતા તેમને જણાવેલ કે તે ઘરની બહાર બેઠેલી હતી ત્યારે ચંદુભાઇ તેમના ગલ્લા પર બેસેલ હતા અને તેને ચોકલેટ બતાવી તેમની પાસે તેને બોલાવેલ જેથી તેણી ચંદુભાઇ પાસે ચોકલેટ લેવા ગયેલ તો આ ચંદુભાઇએ તેમના ગલ્લાની બારીમાંથી હાથ બહાર કાઢી તેની છાતીનો ભાગ દબાવતો હતો. આ દરમ્યાન તેના દાદી રાણીબેન તેને જોઇ જતા તેઓ ચંદુભાઇને બોલવા લાગેલા બાદ માં લોકો ભેગા થઇ ગયેલા તેમ તેમની દિકરીએ તેઓને જાણ કરેલી જેથી તે તથા તેમના દિયર તથા તેણીના સાસુ તથા તેમની ભોગ બનનાર દિકરી સાથે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ. આ બનાવનુ કારણ તેમની ભોગબનનાર દિકરી જેની જન્મ તા.૦૮/૦૯/૨૦૧૦ વાળી બપોરના સવા ત્રણેક વાગ્યાની આસપાસ ઘરની બહાર બેઠેલ હોય તે દરમ્યાન ચંદુભાઇ ચાવડાએ તેમની દિકરી સગીર વયની હોવાનુ જાણવા છતા તેને ચોકલેટ આપવાના બહાને તેના ગલ્લે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરેલ હોય  તેના વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદીએ ફરીયાદ આપેલ.

(૩)  આ કામના ફરીયાદીની ફરીયાદના આધારે થાનગઢ  આ કામના આરોપી ચંદુભાઇ જેઠાભાઇ ચાવડા વિરૂદ્ધ થાનગઢ પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૧૧૦ ૫૦૨૫૦૩૭૨/૨૦૨૫થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઇ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનો ગુન્હો નોધાયેલ છે.

(૪)  સદર કામે આરોપી સામે ઉપરોકત ગુન્હો દાખલ થતા સદરહું ગુન્હાની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદો તથાના નિવેદનો નોંધતા અને દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી તપાસના અંતે આ કામના આરોપી સામેના આક્ષેપીત ગુન્હા સબબના પુરતા પુરાવા જણાતા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઇ) તથા જાતીય ગુનાઓથી બાળકો ના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનુ ચાર્જશીટ દાખલ કરેલ. જે સ્પેશીયલ પોકસો કેસ નંબર–૩૨/૨૦૨૫ થી નોંધાયેલ અને આગળની કાર્યવાહી અર્થે અત્રેની અદાલત તરફ મોકલી

આપવામાં આવેલ હોય જેથી ઉપરોકત મુજબ ના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આરોપી વિરૂદ્ધ અત્રેની અદાલત સમક્ષ હાથ ધરવામાં આવેલ.

(૫) આ કામના આરોપી જામીન મુકત હોઈ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થવા અર્થે સમન્સની ધોરણસરની બજવણી કરવામાં આવેલ છે અને આરોપી હાજર થતા તેઓની સામેના કેસના તમામ કાગળો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે અને ત્યારબાદ આંક–૦૫ થી આરોપી વિરૂદ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૦૬થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓની સામેના તહોમતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને તેઓની સામે આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવા જણાવતા તેઓ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ નો મૌખીક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવો:–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | સાહેદ મુળજીભાઇ ગેલાભાઇ સોલંકીની જુબાની(બનાવ વાળી જગ્યાના પચનામાના પંચ ) | ૦૭ |
| ૦૨ | સાહેદ મુળજીભાઇ મનુભાઇ ગાંગીયાની જુબાની (બનાવ વાળી જગ્યાના પચનામાના સહ પંચ ) | ૦૯ |
| ૦૩ | સાહેદ હરેશભાઇ નારાયણભાઇ ખમાણીની જુબાની ( આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ ) | ૧૦ |
| ૦૪ | સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણ (આરોપીને અટક કર્યાના પંચનામાના સહ પંચ ) | ૧૨ |
| ૦૫ | ભોગબનનારની માતા/ફરીયાદીની જુબાની | ૧૪ |
| ૦૬ | સાહેદ ભોગબનનારના પિતાની જુબાની | ૧૬ |
| ૦૭ | બનાવમાં ભોગબનનારની જુબાની | ૧૭ |
| ૦૮ | સાહેદ ભોગબનનારના દાદીની જુબાની | ૧૮ |
| ૦૯ | સાહેદ ભોગબનનારના કાકાની જુબાની | ૧૯ |

| | | |
|---|---|---|
| ૧૦ | પોલીસ સાહેદ જાકીરહુસેન અબ્દુલકાદર કછોટની જુબાની (ગુનો દાખલ કરનાર તથા ત.ક.અમલદાર ) | ૨૦ |
| ૧૧ | પી.આઇ. વૈભવસિંહ કાળુસિંહ ખાંટની જુબાની (ત.ક.અમલદાર) | ૨૩ |

(૭) આ કામે ફરીયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ નો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ. નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૦૮ |
| ૦૨ | અટક પંચનામુ | ૧૧ |
| ૦૩ | ફરીયાદ | ૧૫ |
| ૦૪ | સ્ટેશન ડાયરી તથા સુચીપત્ર | ૨૧, ૨૨ |

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે વધુ પુરાવો આપવા ન માંગતા હોવા અંગે આંક–૨૪ થી ડ્રોપ પુરશીસ તથા આંક–૨૫થી કલોઝીંગ પુરશીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓના વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની હકીકતો કબૂલ રાખેલી નથી અને બચાવમાં સાહેદ તપાસવા માંગતા ન હોવાનું અને જાતે સોંગદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે,"તેઓના વિરુધ્ધ ખોટો કેસ કરેલો છે, તેઓને ખોટી રીતે કેસમાં સંડોવી દીધેલા છે તેઓ તદન નિર્દોષ છે તેઓ ઉપર ખોટી ફરીયાદ કરેલી છે."

(૯) આ કામે ફરીયાદ પક્ષ તરફેથી વિદ્વાન એડી.પી.પી.શ્રી પી.જી.રાવલ આરોપી તરફે વિ.એલ.એ.ડી.સી.શ્રી બી.એમ.ઝાલા ધ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલ ધ્યાને લેવામાં આવેલ છે.

(૧૦) આ કામે સરકાર તરફેથી વિદ્વાન એડી.પી.પી.શ્રી પી.જી.રાવલ નાઓએ તેમની મૌખીક દલીલો કરતા મુખત્વે જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે

તમામ મહત્વ પુર્ણ સાહેદોનો પુરાવો રજુ રાખેલ છે અને હાલના આરોપી સામેના આક્ષેપોને તેવા પુરાવાથી સમર્થન મળે છે તેમજ ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવા પરથી હાલના આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ અને ૦૯ માસ અને ૦૭ દિવસની દિકરીને તેણીની  બપોરના સવા ત્રણેક વાગ્યાની આસ પાસ ઘરની બહાર બેઠેલ હોય તે દરમ્યાન આરોપીએ ભોગબનનારને  તેણીની સગીર વયની હોવાનુ જાણવા છતા તેને ચોકલેટ આપવાના બહાને તેના ગલ્લે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરી પોકસો એકટ જેવો ગંભીર ગુનો કરેલાનું પુરવાર થયેલ છે. આ કામના ભોગબનનાર બનાવ સમયે સગીર હોવાની હકીકત ફરિયાદ પક્ષે પુરવાર થાય છે. વધુમાં દલીલ કરી છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફે પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષને સમર્થન મળે છે જે ધ્યાને લેતાં ફરીયાદ અનુસાર આરોપીએ હાલનો ગુનો કરેલ હોય કાયદા મુજબ તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

**(૧૧)** જયારે આ કામે આરોપી તરફેથી વિદ્વાન એલ.એ.ડી.સી. બી.એમ. ઝાલાએ દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામે ભોગબનનારની જુબાની તથા તેમના માતા,પિતા તથા ભોગબનનારના કાકી દાદીની જુબાની ધ્યાને લેતાં, આરોપી સામે આક્ષેપિત ગુન્હો ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકતો નથી. આ કામે ફરીયાદપક્ષે તપાસેલા બનાવમાં ભોગબનનાર તથા તેમની માતા/ફરીયાદી તેમજ ભોગબનનારના પિતા, દાદી તેમજ ભોગબનનારના કાકાએ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન નહી આપી હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં  બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનુ તેમજ લોકોના કહેવાતી ફરીયાદ કરેલી તેમજ તેમના સમાજના માણસોએ ફરીયાદ લખાવેલ અને તેઓને સહી કરવાનુ કહેતા અંગુઠો કરી આપેલ ફરીયાદમાં શું લખેલ તેની તેઓને ખબર નથી આરોપીએ તેમની ભોગ બનનાર દિકરી સાથે છેડતી કરેલી હોય તેવુ બનેલ ન હોવાનુ કબુલ રાખેલ છે. જયારે ભોગબનનારના પિતાએ પણ તેમની ઉલટ તપાસમાં આરોપીએ તેમની ભોગ બનનાર દિકરી સાથે છેડતી કરેલી હોય તેવુ બનેલ ન હોવાનુ કબુલ રાખેલી છે. તેમજ  ખુદ ભોગબનનારે તેમની ઉલટ

તપાસમાં આરોપીએ તેણીની સાથે કોઇ છેડતી કરેલી હોય તેવુ બનેલ ન હોવાનુ તેમજ આરોપીએ તેને ચોકલેટ આપી તેની છાતીએ હાથ ફેરવેલ હોય તેવુ બનેલ ન હોવાનુ કબુલ રાખેલ છે. તેમજ આ કામે તપાસેલ ભોગબનનાર ના દાદી તેમજ કાકાએ પણ તેઓની ઉલટ તપાસમાં ઉપરોકત હકીકત કબુલ રાખેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચનામાના પચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશ માત્ર સમર્થન નહી આપી ફરી ગયેલા જાહેર થયેલા છે. તેમજ આ કામે તપાસવામાં આવેલા પોલીસ સાહેદોના પુરાવાથી તેઓએ તેમની ફરજની રુએ કરેલ કામગીરીની હકીકત રેકર્ડ ઉપર આવેલી છે. આ તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદી તથા તમામ સાહેદોના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તે મતલબનો સબળ પુરાવો રજુ થયેલ ન હોઇ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૧૨)** આ કામે બન્ને પક્ષની રજુઆતો અને રેકર્ડ પરનો સમગ્ર પુરાવાઓને ધ્યાને લઇ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

**મુદ્દા નંબર–૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, ફરીયાદવાળા બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની બાળા હતી ?

**મુદ્દા નંબર–૨** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ અને ૦૯ માસ અને ૦૭ દિવસની દિકરી તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)

(આઇ)તથા જાતીય ગુનાઓથી બાળકો ના રક્ષણ બાબત ના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલો છે?

**મુદ્ધા નંબર-૩** શું હુકમ?

**(૧૩)** ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

| | | |
|---|---|---|
| મુદ્ધા નંબર -૧ | - | હકારમાં, |
| મુદ્ધા નંબર -૨ | - | નકારમાં, |
| મુદ્ધા નંબર -૩ | - | આખરી હુકમ મુજબ. |

**(૧૪)** ઉપરોકત નિર્ણયો પરત્વેના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

**(૧૫)** સૌપ્રથમ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા સંબંધે ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ માં જે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે તે લક્ષમાં રાખવો જરૂરી છે. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જે સિધ્ધાંતો પ્રતિપાદિત થયેલ છે તે તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંતને ધ્યાને લેતાં, આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરવાર કરવાની તમામ જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. આરોપી વિરૂધ્ધની શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પણ સચોટ, સબળ અને વિશ્વસનીય પુરાવાનું સ્થાન લઇ શકતી નથી. આમ, ચર્ચા કર્યા મુજબ ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસના પુરાવાની ચર્ચા કરવી ન્યાયોચીત માનુ છું.

**<u>આક્ષેપિત ગુન્હો અને કાયદાના મુદા</u>:-**

**(૧૬)** હાલનાં કામે ઉભય પક્ષની રજુઆત તેમજ આરોપી વિરૂધ્ધ રજુ કરવામાં આવેલ આંક-૦૧ નું ચાર્જશીટ તથા તે આધારે ફરમાવવામાં આવેલ

આંક–૦૫ નું તહોમતનામુ ધ્યાને લેતાં આ કામનાં આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઇ) તથા જાતીય ગુનાઓથી બાળકો ના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુન્હાઓનો આક્ષેપ છે. જેથી ઉપરોકત ગુન્હા ઓ લગતની કાયદાકીય જોગવાઇઓને ધ્યાને રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદોના મૌખિક પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે.

**<u>મુદ્દા નંબર–૧ ની ચર્ચા</u>:–**

**(૧૭)** મુદ્દા નંબર ૧ નાં સ્વરૂપને ધ્યાને લેતાં હાલનાં કામે આરોપી સામે આ કામના આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ અને ૦૯ માસ અને ૦૭ દિવસની દિકરી તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરીગુન્હો કરેલાનો આક્ષેપ છે, તે સંદર્ભેના આરોપો મુકેલ હોય તે પુરવાર કરવા હાલના કામે સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા કે કેમ? તે બાબતેનો નિર્ણય કરવો જરૂરી છે. બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની યાને કે તે સગીર વયની હોય તેવી બાબત પુરતા અને નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલ છે.

**(૧૭.૧)** ફરીયાદ પક્ષે આ કામે આંક–૧૪ થી ફરીયાદી/ભોગબનનારના માતાને તપાસેલ છે તેઓએ તેમની સોંગદ પરની જુબાની હકીકતોમાં તેમની ભોગબનનાર દિકરી બનાવ સમયે ૧૪ વર્ષ ૦૯ માસ અને ૦૭ દિવસની હોવાનું જણાવી આંક–૧૫ થી ફરીયાદ રજુ કરેલી છે તે ધ્યાને લેતા તેમા તેણીની ભોગ બનનાર દિકરી ૧૪ વર્ષ ૦૯ માસ અને ૦૭ દિવસની હોવાનુ અને તેણીની જન્મ તા.૦૮/૦૯/૨૦૧૦ની હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદપક્ષે આંક–૧૬ થી તપાસેલ ભોગબનનારના પિતાને તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં તેમની ભોગબનનાર દિકરી ઉંમર બનાવ સમયે ૧૬ વર્ષની હોવાનુ જણાવેલ છે જયારે આંક–૧૭ થી તપાસેલ ખુદ ભોગબનનાર

તેની ઉંમર ૧૬ વર્ષની હોવાનુ જણાવેલ છે જયારે આંક–૧૮ થી તપાસેલ ભોગબનનારની દાદીએ તેણીની ભોગબનનાર પૌત્રીની બનાવ સમયે ૧૬ વર્ષની ઉમર હોવાનુ જણાવેલ છે. વધુમાં આંક–૧૯ થી તપાસેલ ભોગ બનનારના કાકાએ તેણીની ભત્રીજી ભોગબનનાર બનાવ સમયે ૧૬ વર્ષની હોવાનુ જણાવેલ છે. વધુમાં આંક– ૨૦ થી તપાસેલ ગુનો દાખલ કરનાર તથા ત.ક. અમલદારે તેમના પુરાવામાં આંક–૨૧ થી રજુ કરેલ સ્ટે. ડાયરીના ઉતારાની નકલમાં પણ ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ ૦૯ માસ અને ૦૭ દિવસ ની હોવાનુ જણાવેલ છે. આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતા ભોગ બનનારની જન્મ તા.૦૮/૦૯/૨૦૧૦ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આંક–૧૪ થી તપાસેલ ફરીયાદી/ભોગ બનનારના માતાના પુરાવા દરમ્યાન આંક–૧૫ થી રજુ થયેલ ફરીયાદ તથા આંક–૧૬થી તપાસેલ ભોગ બનનારના માતા તથા આંક–૧૭ થી તપાસેલ ખુદ ભોગબનનાર તેમજ આંક–૧૮ થી તપાસેલ ભોગબનનારના દાદી તથા આંક–૧૯ થી તપાસેલ ભોગબનનારના કાકાનો પુરાવો તેમજ આંક–૨૦ થી તપાસેલ ત.ક.અમલદાર તથા ગુનો દાખલ કરનાર પોલીસ અધિકારીના પુરાવા દરમ્યાન આંક–૨૧ થી રજુ કરેલ સ્ટેશન ડાયરીના ઉપરાની નકલ ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તા. ૦૮/૦૯/૨૦૧૦ની હોવાનું પ્રથમ દર્શનીય રીતે માની શકાય તેમ છે. વધુમાં આરોપી તરફે સદરહું પુરાવાથી વિરૂધ્ધનો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ નથી. જેથી ભોગબનનારની જન્મ તારીખ બાબતે ઉપલબ્ધ પુરાવો ધ્યાને લેતાં બનાવ તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજનો છે અને ભોગ બનનારની જન્મ તા.૦૮/૦૯/૨૦૧૦ છે તેથી, બનાવ સમયે ભોગ બનનારનાર સગીર વયની બાળા હોવાનું ફલિત થાય છે તથા ફરીયાદ વાળો બનાવ ભોગ બનનારની સગીર વયની ઉંમર દરમ્યાન જ બનેલ હોવાનું ફલિત થાય છે. ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૨(૧)(ડી) માં "બાળક" શબ્દને વ્યાખ્યીત કરેલ જે મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિતને "ચાઇલ્ડ" કે "બાળક" કહેવાય. આમ, બનાવના દિવસે ભોગ બનનાર "બાળક" હોવાનું સાબિત થાય છે. જેથી, મારો મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં આપુ છુ.

**<u>મુદ્દા નં.૨ ની ચર્ચા</u>:–**

**<u>પુરાવાનો બોજો</u>:**

**(૧૮)** પુરાવાના બોજા સંદર્ભે ચર્ચા કરતાં પહેલાં હાલના કામે જયારે આરોપી સામે પોકસો અધિનિયમ હેઠળનો ગુન્હો નોંધાયેલ છે તેવા સંજોગોમાં પોકસો અધિનિયમની જોગવાઇઓને ધ્યાને લેતાં આ અધિનિયમ ની કલમ–૨૯ મુજબ આરોપીઓ સામે અનુમાન કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે તે જોગવાઇના હાર્દને જોતાં તથા તેની અસરને જોતાં એ બાબત નિર્વિવાદ પણે સ્પષ્ટ બને છે કે, જો ફરીયાદ પક્ષ તરફે આરોપીને સંડોવતો કોઈ પુરાવો રજુ થાય તો તેવા સંજોગોમાં આરોપી સામે વિપરીત અનુમાન કરવાની જોગવાઈ હોય તેને જોતાં આરોપી સામેનાં અનુમાનનું ખંડન થાય તેવી બાબતો રેકર્ડ ઉપર લાવવાનો બોજો આરોપીનાં શીરે રહે છે. જો કે આવા અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ જાતે વિટનેશ બોક્ષ માં આવવુ એ અનિવાર્ય બાબત નથી, પરંતુ પ્રોસી.પક્ષ તરફે રજૂ થયેલા સાહેદોનાં પુરાવાની ઉલટ તપાસ મારફતે પણ કે ફરીયાદ પક્ષનાં સાહેદોનાં પુરાવા ઉપર આધાર રાખીને પણ આરોપી પક્ષ પોતાનો બચાવ અને અનુમાનનું ખંડન થાય તેવી બાબત રેકર્ડ ઉપર લાવી શકે છે અને જો આરોપી તરફે લેવામાં આવેલી તકરારો અને સ્વયં ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલો પુરાવો અનુમાનનું ખંડન થયેલ હોવાનુ માનવા માટે પુરતી જણાય તો તેવા સંજોગોમાં અનુમાન આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ તેવી બાબત સ્પષ્ટ બને છે.

**<u>ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદોનો મૌખિક પુરાવો</u>:–**

**(૧૯)** આ કામના આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઈ) તથા જાતીય ગુનાઓથી બાળકો ના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનો ગુનો હોય જે બન્ને ગુના એક સરખા પ્રકારના છે અને તે અંગેનો પુરાવો એક જ છે. આ સંજોગોમાં પુરાવાનુ પુનરાવર્તન ટાળવા તથા સમય શકિતનો વ્યય થતો અટકાવવા તથા બન્ને

ગુના પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોઈ બન્ને ગુનાઓ લગતના પુરાવાની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૧૯.૧)** આ કામે આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ અને ૦૯ માસ અને ૦૭ દિવસની દિકરી તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરી ગુન્હો કર્યા અંગેનું આરોપી સામે તહોમતનામુ છે.

**(૧૯.૨)** આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી કે જેઓ ભોગ બનનારનાં માતા છે તેઓને આંક–૧૪થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવને આશરે આંઠ નવ મહીના જેટલો સમય થયેલો છે. તેના પરીવારમા મારી ત્રણ દીકરીઓ અને એક દીકરો હતો, તેના દીકરાનુ અવસાન થયેલ છે. તેના મોટી દીકરી તથા બીજા નંબરની દીકરી બન્ને પરણિત છે અને સાંસરે છે અને સૌથી નાની દીકરી ભોગબનનાર છે. જેની ઉંમર આશરે સોળેક વરસની છે. તેના ભોગબનનાર દીકરી નાની હતી ત્યારે તેને આંચકી આવી ગયેલ હોય જેથી તેને મગજની તકલીફ છે. બનાવના દીવસે તે તથા તેના પતિ બન્ને તેની મોટી દીકરીના ઘરે નાની મોલડી ગામે ગયેલ હતા. ઘરે તેના સાસુ તથા તેની ભોગબનનાર દીકરી અને તેના દીયર હતા. તેની ભોગબનનાર દીકરી ઘરમા હતી અને લાઇટ ગયેલ હતી જેથી તેની ભોગબનનાર દીકરી બહાર ઓટલે બેસવા આવેલ હતી. પછી તેની ભોગબનનારને ચંદુભાઇએ ચોકલેટ આપવાનુ કહેલુ. તેવુ તેને જાણવા મળેલુ. તેના દીયરનો ફોન આવેલો હતો અને કહેલ કે આવુ બનેલ છે તમે ઘરે આવો. આ સીવાય બીજો કોઈ બનાવ બનેલ હોય તેવુ નથી. આ ચંદુભાઇએ તેની ભોગબનનાર દીકરી સાથે બીજુ કોઇ કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી. તેને પોલીસ સ્ટેશને જઇ ફરીયાદ કરેલી. ફરીયાદમા પોલીસને અંગૂઠાનુ નિશાન કરી આપેલુ. તેમ જણાવી આંક–૧૫ થી ફરીયાદ રજુ કરી તેમાં તેઓના અંગૂઠાનુ નીશાન ઓળખી બતાવી આ કામના આરોપી તેઓના ગામ ના અને જ્ઞાતિના હોવાથી ઓળખતા હોવાનુ જણાવી વિડિયો કોન્ફરન્સ

મારફતે સબ જેલ સુરેન્દ્રનગરથી કોર્ટમા હાજર ટી.વી.સ્ક્રીન ઉપર ઓળખી બતાવેલ છે.

**(૧૯.૩)** ફરીયાદ પક્ષે ભોગબનનારના માતા/ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઇન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી.

**(૧૯.૪)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરીયાદીએ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ તેમને નજરે જોયેલ નથી. બધા લોકોના કહેવાથી ફરીયાદ કરેલી. પોલીસ સ્ટેશનમા તેમના સમાજના માણસોએ ફરીયાદ લખાવેલી અને તૈયાર ફરીયાદમા તેને સહી કરવાનુ કહેતા અંગૂઠો કરી આપેલો. ફરીયાદમા શુ લખેલુ તેની તેને ખબર નથી. આરોપીએ તેની ભોગબનનાર દીકરી સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૯.૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી બનાવમાં ભોગબનનાર ખુદ ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેણીએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવને આશરે આંઠેક મહીના જેટલો સમય થયેલ છે. બનાવ વખતે તે ચોકલેટ લઇને આવતી રહેલી હતી. બનાવના દીવસે ઘરે તે તથા તેના દાદી હતા. તેના મમ્મી પપ્પા તેની બહેનના ઘરે નાની મોલડી ગયેલા હતા. તેના કાકાએ તેના પપ્પાને ફોન કરેલો હતો. જેથી તેના મમ્મી પ્પપા ઘરે પરત આવેલા હતા. તેના મમ્મી પપ્પા સાથે તેને કોઇ વાતચીત થયેલ નહી પરંતુ તેના કાકા સાથે વાતચીત થયેલી. તેના કાકાને શુ બાબતે વાતચીત થયેલી તેની ખબર નથી. તેની સાથે બીજુ કાંઇ બનેલ નથી. તે ચંદુભાઇ જેઠાભાઇને ઓળખે છે ચંદુભાઇ જેઠાભાઇએ તેની સાથે કોઇ અજુગતુ કરેલ હોય તેવુ બનેલ નથી. આ ચંદુભાઇ તેમના પાડોશી હોય અને

દુકાન ચલાવતા હોય જેથી ઓળખે છે તેના મમ્મીએ શુ બાબતની ફરીયાદ આપેલી તેની ખબર નથી. આરોપી તેમના પાડોશી અને જ્ઞાતિના હોય તેથી તેઓને ઓળખતા હોવાનુ જણાવી વિડિયો કોન્ફરન્સ મારફતે સબ જેલ સુરેન્દ્ર નગર થી કોર્ટમા હાજર ટી.વી.સ્ક્રીન ઉપર ઓળખી બતાવેલ છે.

**(૧૯.૬)** ફરીયાદ પક્ષે ભોગબનનાર સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ હકીકત ખુલવા પામેલ નથી.

**(૧૯.૭)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં ભોગ બનનારે એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ તથા આરોપી એક જ ગામના અને પાડોશીઓ છીએ. આરોપીએ તેની સાથે કોઈ છેડતી કરેલ હોય તેવુ કાંઈ બનેલ નથી. આરોપીએ તેને ચોકલેટ આપી તેની છાતી પર હાથ ફેરવેલ હોય તેવુ કાંઈ બનેલ નથી.

**(૧૯.૮)** આમ, ભોગ બનનારની સમગ્ર જુબાની જોઈએ તો તેમની જુબાની માંથી આંક–૧૫ની ફરીયાદને કે પોલીસ રુબરુના નિવેદનને સમર્થન પ્રાપ્ત થતુ નથી. ટુંકમાં ભોગ બનનારની સમગ્ર જુબાની જોઈએ તો તેમાંથી કોઈ મહત્વની હકીકતો બહાર આવતી નથી કે આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ ૦૯ માસ અને ૭ દિવસની દિકરીને તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરી ગુન્હો કરેલ હોય તેવી કોઈ હકીકત બહાર આવતી નથી એટલું જ નહી પરંતુ ખુદ ભોગબનનારે એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપીએ તેની સાથે કોઈ છેડતી કરેલ હોય તેવુ કાંઈ બનેલ નથી.

આરોપીએ તેને ચોકલેટ આપી તેની છાતી પર હાથ ફેરવેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. તેના મમ્મીએ શુ બાબતની ફરીયાદ આપેલી તેની ખબર નથી.

(૧૯.૯) ફરીયાદ પક્ષે આંક–૧૬થી ભોગબનનારના પિતાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં બનાવને આશરે આંઠ નવ મહીના જેટલો સમય થયેલો છે. તેના પરીવારમા ત્રણ દીકરીઓ અને એક દીકરો હતો, તેના દીકરાનુ અવસાન થયેલ છે. તેના મોટી દીકરી તથા બીજા નંબરની દીકરી બન્ને પરણિત છે અને સાંસરે છે અને સૌથી નાની દીકરી ભોગબનનાર છે. જેની ઉંમર આશરે સોળેક વરસની છે. તેની ભોગબનનાર દીકરી નાની હતી ત્યારે તેને આંચકી આવી ગયેલ હોય જેથી તેને મગજની તકલીફ છે. બનાવના દીવસે તે તથા તેના પત્ની બન્ને તેની મોટી દીકરીના ઘરે નાની મોલડી ગામે ગયેલ હતા. ઘરે તેના માતા તથા ભોગબનનાર દીકરી અને તેના ભાઇ હતા. તે દરમ્યાન તેના નાના ભાઇનો ફોન આવેલો અને ઘરે આવવા માટે જણાવેલ હતુ તે સમયે તેના ભાઇએ કોઇ હકીકત જણાવેલ ન હતી. તેના ભાઇનો ફોન આવતા તે તથા તેના પત્ની ઘરે પરત આવેલા. તેને ઘરે આવી બનાવ અંગેની કોઇ હકીકત જાણેલી હોય તેમ નથી. તેના પત્નીએ પોલીસ ફરીયાદ કરેલી પણ શુ બાબતની ફરીયાદ કરેલી તે હકીકત જાણેલી નહી. તે પોલીસ સ્ટેશને ગયેલો હતો ત્યા પોલીસે તેનુ નામ, ઠામ પુછેલુ હતુ. બનાવ બાબતે કાંઇ જાણેલુ ન હતુ. આ કામના આરોપીને તેમના ગામના તથા જ્ઞાતિલા હોય જેથી ઓળખતા હોવાનુ જણાવી વિડિયો કોન્ફરન્સ મારફતે સબ જેલ સુરેન્દ્રનગરથી કોર્ટમા ટી.વી.સ્ક્રીન ઉપર ઓળખી બતાવેલ છે.

(૧૯.૧૦) ફરીયાદ પક્ષે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી. શ્રીએ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઇન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી.

**(૧૯.૧૧)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ તેને નજરે જોયેલ નથી. પોલીસે તેમનુ, નામ, ઠામ, સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલુ નહી અને તેને પોલીસને કાંઇ લખાવેલુ નહી. આરોપીએ તેમની ભોગબનનાર દીકરી સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ કાંઇ બનેલ નથી.

**(૧૯.૧૨)** ફરીયાદ પક્ષે આંક–૧૮ થી ભોગબનનારના દાદીને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં બનાવને આશરે આંઠ નવ મહીના જેટલો સમય થયેલો છે. તે તેના દીકરા સાથે પરીવારમા રહે છે અને તેના દીકરાને હાલે ત્રણ દીકરીઓ છે અને તેના દીકરાના દીકરાનુ અવસાન થયેલ છે. તેના મોટી પૌત્રી તથા બીજા નંબરની પૌત્રી બન્ને પરણિત છે અને સાંસરે છે અને સૌથી નાની પૌત્રી ભોગબનનાર છે. જેની ઉંમર આશરે સોળેક વરસની છે. તેની ભોગબનનાર પૌત્રી નાની હતી ત્યારે તેને આંચકી આવી ગયેલ હોય જેથી તેને મગજની તકલીફ છે. બનાવના દીવસે તેનો દીકરો તથા તેના દીકરાની વહુ બન્ને નાની મોલડી ગામે ગયેલ હતા. ત્યારે ઘરે તે તથા તેની ભોગબનનાર પૌત્રી હતા. તે દરમ્યાન ચંદુભાઇ જેઠાભાઇ એક ચોકલેટનો ડબો લઇને બેઠા હતા અને ચોકલેટ લેવા તેની ભોગબનનાર પૌત્રીને બોલાવેલ હતી. તે સીવાય બીજુ કાંઇ બનેલ નથી. ત્યારબાદ તેના દીકરાના પત્નીએ પોલીસમા ફરીયાદ કરેલી હતી અને પોલીસે પુછપરછ કરેલી. તેને ઉપર મુજબની હકીકત પોલીસને જણાવેલ હતી.

**(૧૯.૧૩)** ફરીયાદ પક્ષે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી. શ્રીએ ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઇન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી.

**(૧૯.૧૪)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે તેમનુ, નામ,ઠામ, સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલુ

નહી અને તેને પોલીસને કાંઇ લખાવેલુ નહી. આરોપીએ તેમની ભોગબનનાર પૌત્રી સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ કાંઇ બનેલ નથી.

**(૧૯.૧૫)** ફરીયાદ પક્ષે આંક–૧૯ થી ભોગબનનારના કાકાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં બનાવને આશરે આંઠ નવ મહીના જેટલો સમય થયેલો છે. આ કામના ભોગબનનાર તેના ભત્રીજી થાય છે. તેના  મોટા ભાઇને ત્રણ દીકરીઓ છે અને તેના ભત્રીજાનુ અવસાન થયેલ છે. તેની મોટી ભત્રીજી તથા બીજા નંબરની ભત્રીજી બન્ને પરણિત છે અને સાંસરે છે અને સૌથી નાની ભત્રીજી ભોગ બનનાર છે. જેની ઉંમર આશરે સોળેક વરસની હશે. ભોગબનનાર ભત્રીજી નાની હતી ત્યારે તેને આંચકી આવી ગયેલ હોય જેથી તેને મગજની તકલીફ છે. બનાવના દીવસે તે તેના ઘરે હતો ત્યારે તેના માતૃશ્રીએ બોલાવેલો હતો અને તેના મોટા ભાઇને ફોન કરીને બોલાવવા જણાવેલ હતુ.તેના માતાશ્રી તથા તેની ભોગબનનાર ભત્રીજી ઘરે હતા ત્યારે ચંદુભાઇ જેઠાભાઇ ચાવડા સાથે માથાકુટ થયેલ હતી તેને કોઇ બનાવની હકીકત નજરે જોયેલ હોય તેમ નથી. તેના ભાભીએ પોલીસમા ફરીયાદ આપેલી હતી અને પોલીસે પુછપરછ કરેલી હતી. તેને ઉપર મુજબની હકીકત પોલીસને જણાવેલ હતી.

**(૧૯.૧૬)** ફરીયાદ પક્ષે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી. શ્રીએ ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી.

**(૧૯.૧૭)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે,બનાવ તેને નજરે જોયેલ નથી.પોલીસે તેનુ, નામ,ઠામ, સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલુ નહી અને તેઓએ પોલીસને કાંઇ લખાવેલુ નહી.

આરોપીએ તેમની ભોગબનનાર પૌત્રી સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ કાંઇ બનેલ નથી.

**(૧૯.૧૮)** આમ, સદર સાહેદોની સમગ્ર જુબાની જોઇએ તો તેમની જુબાની માંથી તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમજ તેઓની ભોગબનનાર દિકરી તેણીની સગીર હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરી ગુન્હો કરેલ હોય તેવી કોઇ હકીકત બહાર આવતી નથી ઉપરાંત સ્વીકારેલ છે કે, બનાવ તેમને નજરે જોયેલ નથી. પોલીસે તેનુ, નામ, ઠામ, સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલુ નહી અને તેઓએ પોલીસને કાંઇ લખાવેલુ નહી. આરોપીએ તેમની ભોગબનનાર પૌત્રી સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ કાંઇ બનેલ નથી.

**<u>પંચ સાહેદોનો પુરાવો</u>:–**

**(૨૦)** ફરીયાદપક્ષે આંક–૦૭ થી બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ મુળજીભાઇ ગેલાભાઇ સોલંકીને તથા આંક–૦૯ થી પંચ મુળજીભાઇ મનુભાઇ ગાંગીયાને તપાસેલા છે તેઓએ તેમની સોગંદપરના પુરાવામાં આશરે છએક મહીના પહેલા થાનગઢ પોલીસે તેઓને મનુભાઇના ઘરે રાત્રીના ૦૭:૩૦ ના અરસામા પંચમા રહેવા માટે બોલાવેલ હતો ત્યાં તેઓને સહી કરવાનુ પોલીસે કહેલુ શુ બાબતના પંચનામામા તેઓની સહી લીધેલી તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓની હાજરીમા કોઇ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેમ જણાવી આંક–૦૮ ના પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે.

**(૨૦.૧)** ફરીયાદ પક્ષે આ બંને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી એ ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે

ઈન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી.

**(૨૦.૨)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, પંચનામામા સહી કર્યા સીવાય બીજુ કાંઇ જાણતા ન હોવાનુ અને તેઓની હાજરીમાં કોઇ કાર્યવાહી થયેલ ન હોવાનુ કબુલ રાખેલ છે.

**(૨૦.૩)** ફરીયાદપક્ષે આંક–૧૦થી તપાસેલ આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ હરેશભાઇ નારાયણભાઇ ખમાણીએ તથા આંક–૧૨ થી તપાસેલ સદર પંચનામાના સહ પંચ મહેશભાઇ ભોગીલાલ ચૌહાપે તેઓના પુરાવામાં આશરે છએક મહીના પહેલા તેઓ મફતીયાપરામા ટીફીન આપવા ગયેલ ત્યા પોલીસે તેઓને ઉભા રાખી તૈયાર લખાણમા સહી લીધેલી. પોલીસ સ્ટેશનમા તેઓની રૂબરૂમા કોઇ ઇસમનુ અટક પંચનામુ કરી અટક કરેલ હોય તેવુ બનેલ નથી. તેમ જણાવી આંક–૧૧ થી અટક પંચનામુ રજુ કરી તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.

**(૨૦.૪)** ફરીયાદ પક્ષે આ બંને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૧૫૭ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે અને ફરીયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઇ હકીકત ખુલવા પામેલ નથી.

**(૨૦.૫)** જયારે ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે પંચનામામાં સહી કર્યા સીવાય બીજી કોઇ હકીકત જાણતો નથી તેમની હાજરીમાં કોઇ કાર્યવાહી થયેલી નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો</u>:–**

**(૨૧)** ફરીયાદપક્ષે આંક–૨૦ થી ફરીયાદીની ફરીયાદ આધારે ગુનો દાખલ કરનાર તથા ત.ક.અમલદાર જાકીરહુસેન અબ્દુલકાદર કછોટને તપાસેલા છે

તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાંતા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ તેઓ થાનગઢ પો.સ્ટે. ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન પી.આઇ.શ્રી વી.કે.ખાંટે ફરીયાદીની પોતાના રૂબરૂ આપેલ ફરીયાદ લેખિત રીપોર્ટ સાથે દાખલ કરવા આપતા સદરહુ ફરીયાદ થાનગઢ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૧૦૫૦૨૫૦૩૭૨/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૭૫(૧) (આઇ) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી ફરીયાદની એક નકલ નામદાર કોર્ટમા મોકલવાની તજવીજ કરેલી તથા સદરહુ ફરીયાદ બાબતેની થાનગઢ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમા એન્ટ્રી કરી નોંધ કરેલ તેમજ આગળની તપાસ જાતે સંભાળી લીધેલી. તેમ જણાવી આંક–૧૫ અસલ ફરીયાદ તથા કલમ–૧૮૩ મુજબની એફ.આઇ.આર. જે પી.આઇ.શ્રી વી.કે.ખાંટે ફરીયાદીની લીધેલ ફરીયાદ હોવાનુ જણાવી ફરીયાદ મા તેઓની તેમજ કલમ–૧૮૩ ની એફ.આઇ.આર.મા પી.એસ.ઓ. તરીકે તેમની સહી ઓળખી બતાવી થાનગઢ પોલીસ સ્ટેશનના કર્મચારી સ્ટેશન ડાયરીની ઓનલાઇન પ્રીન્ટ કાઢી આંક–૨૧ થી રજુ કરી આંક–૨૨ થી સુચીપત્ર રજુ કરી જે ફરીયાદ સાથે પી.આઇ.શ્રીએ તેમની સહી કરી આપેલ તે જ આ સુચીપત્ર હોવાનુ ઓળખી બતાવી તપાસના કામે લાગતા વળગતા સાહેદોમા ભોગબનનારનુ, ભોગબનનારના માતા પિતાનુ, ભોગબનનારના કાકાનુ, ભોગબનનારના દાદીનુ તેઓના લખાવ્યા મુજબના નિવેદનો લખી લીધેલા. બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય બનાવવાળી જગ્યા આ કામના ફરીયાદી બતાવતા હોય બે પંચો નામે મુળજીભાઇ ગેલાભાઇ સોલંકી તથા મુળજીભાઇ મનુભાઇ ગાંગીયાનાઓને બનાવવાળી જગ્યાએ બોલાવી વિગતવારનુ પંચનામુ લખી લીધેલુ અને પંચનામામા બન્ને પંચોની સહીઓ લીધેલી તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. તેમ જણાવી આંક–૦૮ ના પંચનામામાં તેઓની તથા પંચોની સહી ઓળખી બતાવી આરોપી પો.સ્ટે. ખાતે હાજર થતા હોય આ કામના આરોપીનુ અટક પંચનામુ કરવુ જરૂરી હોય જેથી બે પંચો નામે હરેશભાઇ નારણભાઇ ખમાણી તથા મહેશભાઇ ભોગીલાલ ચૌહાણનાઓને બોલાવી આરોપીનુ વિગતવારનુ અટક પંચનામુ કરેલુ અને આરોપીને ગુનાના કામે અટક કરેલ તથા અટક અંગેની સ્ટેશન ડાયરીમા નોંધ

કરવામા આવેલી. તેમ જણાવી આંક–૧૧ ના પંચનામામાં તેઓની તથા પંચોની સહી ઓળખી બતાવીઆ કામના આરોપીને તેઓએ અટક કરેલ હોય ઓળખતા હોવાનુ જણાવી કોર્ટમા હાજર ટી.વી.સ્ક્રીન ઉપરથી ઓળખી બતાવેલ છે.

**(ર૧.૧)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ પોલીસ સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, આ કામની ફરીયાદ તેમના રૂબરૂ લેવામા આવેલ નથી. જયારે અન્ય ઉલટ તપાસમાં પુછેલ પ્રશ્નોનો ઈન્કાર કરેલો છે.

**(ર૧.ર)** ફરીયાદપક્ષે આંક–ર૩થી તપાસેલ ત.ક.અમલદાર પી.આઇ. વૈભવ સિંહ કાળુસિંહ ખાટે તેમના સોગંદપરના પુરાવામાં એવી હકીકત જણાવેલી છે કે, સને–ર૦ર૫મા તે થાનગઢ પો.સ્ટે. ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન થાનગઢ પો.સ્ટે. ગુ.ર.નં–૧૧ર૧૧૦૫૦ર૫૦૩૭ર/ર૫ બી.એન.એસ. કલમ–૭૫(૧)(આઇ) તથા પોકસો એટકની કલમ–૧ર મુજબ નોંધાચેલ ગુનાની તપાસ પી.એસ.આઇ. જે.એચ.કછોટ નાઓ પાસેથી સોંપતા તપાસ સંભાળી લીધેલી અગાઉ ત.ક.અ.શ્રીએ કરેલ તપાસના કાગળોનો અભ્યાસ કરેલો અને આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ થઇ શકે તેટલો પુરતો પુરાવો હોય આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલ. તેમ જણાવી આંક–૧ ના ચાર્ઝશીટમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.

**(ર૧.૩)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ પોલીસ સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, ચાર્જશીટ કર્યા સીવાય અન્ય કોઇ તપાસની કામગીરી કરેલ નથી.

**–: <u>સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન</u> :–**

**(રર)** આ કામે ફરીયાપક્ષ તરફે આંક–૧૫ થી આરોપી વિરૂદ્ધની ફરીયાદ રજુ થયેલ છે જે ફરીયાદ ભોગબનનારના માતાએ નોંધાવેલ છે. જે મુજબ આ આ કામનાં આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ અને ૦૯ માસ અને ૦૭ દિવસની

દિકરી તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરેલાની હકીકત ફરીયાદમાં જણાવેલ છે. પરંતુ ફરીયાદપક્ષે સદરહું ફરીયાદીને આ કામે આંક–૧૪ થી તપાસતા તેઓએ પોતાની જુબાનીમાં તેની ભોગ બનનાર દીકરી ઘરમા હતી અને લાઇટ ગયેલ હતી જેથી તેની ભોગબનનાર દીકરી બહાર ઓટલે બેસવા આવેલ હતી. પછી તેની ભોગબનનારને ચંદુભાઇ એ ચોકલેટ આપવાનુ કહેલુ. તેવુ તેને જાણવા મળેલુ. આ સીવાય બીજો કોઇ બનાવ બનેલ હોય તેવુ નથી. આ ચંદુભાઇએ તેની ભોગબનનાર દીકરી સાથે બીજુ કોઇ કૃત્ય કરેલ હોય તેવુ બનેલ નથી. તેને પોલીસ સ્ટેશને જઇ ફરીયાદ કરેલી. આમ ખુદ ફરીયાદીએ પોતાની સોગંદપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી અને ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે બનાવ તેને નજરે જોયેલ નથી. બધા લોકોના કહેવાથી ફરીયાદ કરેલી. પોલીસ સ્ટેશનમા તેમના સમાજના માણસોએ ફરીયાદ લખાવેલી અને તૈયાર ફરીયાદમા તેને સહી કરવાનુ કહેતા અંગૂઠો કરી આપેલો. ફરીયાદમા શુ લખેલુ તેની તેને ખબર નથી. આરોપીએ તેની ભોગબનનાર દીકરી સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ બનેલ નથી. આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતા ફરીયાદીએ જે ફરીયાદ આપેલી છે તેને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થતુ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. વધુમાં આ કામે આંક–૧૭થી ભોગબનનારની જુબાની થયેલ છે જે વંચાણે લેતા ભોગબનનારે પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. ભોગબનનારે પોતાની સર તપાસમાં ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવને આશરે આંઠેક મહીના જેટલો સમય થયેલ છે. બનાવ વખતે તે ચોકલેટ લઇને આવતી રહેલી હતી. બનાવના દીવસે ઘરે તે તથા તેના દાદી હતા. તેના મમ્મી પપ્પા તેની બહેનના ઘરે નાની મોલડી ગયેલા હતા. તેના કાકાએ તેના પપ્પાને ફોન કરેલો હતો. જેથી તેના મમ્મી પ્પપા ઘરે પરત આવેલા હતા. તેના મમ્મી પપ્પા સાથે તેને કોઇ વાતચીત થયેલ નહી પરંતુ તેના કાકા સાથે વાતચીત થયેલી. તેના કાકાને શુ બાબતે વાતચીત થયેલી

તેની ખબર નથી. તેની સાથે બીજુ કાંઇ બનેલ નથી. તે ચંદુભાઇ જેઠાભાઇને ઓળખે છે ચંદુભાઇ જેઠાભાઇએ તેની સાથે કોઇ અજુગતુ કરેલ હોય તેવુ બનેલ નથી. આ ચંદુભાઇ તેમના પાડોશી હોય અને દુકાન ચલાવતા હોય જેથી ઓળખે છે તેના મમ્મીએ શુ બાબતની ફરીયાદ આપેલી તેની ખબર નથી. જયારે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે આરોપીએ તેની સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. આરોપીએ તેને ચોકલેટ આપી તેની છાતી પર હાથ ફેરવેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. તેના મમ્મીએ શુ બાબતની ફરીયાદ આપેલી તેની ખબર નથી. વધુમાં આંક–૧૬થી તપાસેલ ભોગબનનારના પિતાએ તથા આંક–૧૮થી તપાસેલ ભોગબનનારના દાદીએ તેમજ આંક–૧૯થી તપાસેલ ભોગ બનનારના કાકાએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને ઉલટ તપાસમાં બનાવ તેને નજરે જોયેલ નથી. પોલીસે તેઓનુ નામ, ઠામ, સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલુ નહી અને તેઓએ પોલીસને કાંઇ લખાવેલુ નહી તેવુ કબુલ રાખે છે. આરોપીએ તેમની ભોગબનનાર સાથે કોઇ છેડતી કરેલ હોય તેવુ કાંઇ બનેલ નથી તેવી હકીકત કબુલ રાખેલી છે.

**(૨૩)** આમ, આ કામના મહત્વના ઉપરોકત ફરીયાદી/ભોગબનનારના માતા તથા ભોગબનનાર તેમજ ભોગબનનારના પિતા, દાદી તેમજ કાકાએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇપણ હકીકત રેકર્ડ પર ખુલવા પામેલ નથી. ઉપરોકત ફરીયાદી/ભોગબનનારના માતા તથા ભોગ બનનાર તેમજ ભોગબનનારના પિતા, દાદી તેમજ કાકાની જુબાની હકીકતોથી આ કામના આરોપી વિરૂદ્ધનું તહોમત પુરવાર થતું નથી. આમ આ કામનાં આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ ૦૯ માસ અને ૭ દિવસની દિકરીને તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરેલ હોવાની

કોઈપણ જાતની હકીકત સદરહું સાહેદોની જુબાની પરથી પુરવાર થતી નથી જેથી ઉપરોકત મહત્વના સાહેદોની જુબાનીના આધારે આરોપીને હાલના ગુનાના કામે કસુરવાર ઠરાવવા યોગ્ય જણાતું નથી.

**(૨૪)** વધુમા આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાના તથા આરોપીને અટક કરેલાના પંચનામાના પંચ સાહેદોને તપાસી પંચનામાઓ રજુ કરેલા છે પરંતુ ઉપરોકત તપાસેલા પચનામાના તમામ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશ માત્ર સમર્થન નહી કરી હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. અને ઉલટ તપાસમાં આ પંચ સાહેદોએ એવી હકીકત સ્વીકારેલી છે કે, પંચનામામાં સહી કર્યા સીવાય બીજી કોઇ હકીકત જાણતો નથી તેમની હાજરીમાં કોઇ કાર્યવાહી થયેલી નથી.આમ આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ મહત્વના સાહેદોએ પુરાવામાં ફરીયાદ તથા નિવેદનમા જણાવ્યા મુજબનો કોઇ બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકતને સમર્થન આપેલ નથી.

**(૨૫)** આમ, ફરીયાદ પક્ષે આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે ભોગ બનનારના માતા/ફરીયાદી તથા ભોગબનનાર તેમજ ભોગબનનારના પિતા, દાદી, કાકાને મહત્વના સાહેદ તરીકે તપાસવામા આવેલ છે. પરંતુ ફરીયાદ પક્ષે ઉપરોકત તમામ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. ત્યાર બાદ પુરાવા અધિનીયમ અન્વયે કરવામા આવેલ વિ.એડી.પી.પી.શ્રીની ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેઓના પોલીસ સમક્ષના નિવેદન અને ફરીયાદ હકીકતોને સમર્થન આપતા નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો આક્ષેપીત ગુનો સાબિત કરવામા સદંતર નિષ્ફળ ગયેલા છે. પુરાવા અધિનીયમ અન્વયે ફરીયાદ પક્ષ પુરાવાના બોજાનો વહન કરવામા સદંતર નિષ્ફળ ગયેલા હોય આરોપીઓને તેમની વિરુધ્ધના આક્ષેપીત ગુના માટે દોષિત ઠરાવી શકાય તેમ નથી.

**(૨૬)** આ કામે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા છે, તે મૌખિક પુરાવાઓનું તલસ્પર્શીય મુલ્યાંકન કરવામાં આવે તો તેનાથી એવી હકીકત જણાય આવે છે કે, આ કામના આરોપી કોઈપણ રીતે આક્ષેપિત ગુના સાથે સંડોવાયેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે પુરો પાડેલ નથી. વધુમાં આ કામે ત.ક.અમલદારની સોગંદપરની જુબાની ધ્યાને લેતા તેઓએ તેમની ફરજની રુએ કરેલ કાર્યવાહીની હકીકતનો પુરાવો રજુ કરેલ છે જેથી પોલીસ સાહેદના પુરાવા આધારે આરોપીને સદરહું ગુનામાં તકસરીવાન ઠરાવી શકાય નહી.

**(૨૭)** આમ, આ કામે ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુના પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૨૯ માં ફરીયાદપક્ષની તરફેણમાં જે અનુમાન કરવા જોગવાઈ કરવામાં આવેલ છે, તેમજ કલમ–૩૦ માં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતી અંગે અનુમાન કરવાની જે જોગવાઈ કરવામાં આવેલી છે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર છે. પરંતુ આ કામે તેનું ખંડન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ કે, આ કામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે ફરીયાદ પક્ષે કોઇ પુરાવો પુરો પાડેલ ન હોય ત્યારે કામના આરોપીએ સદર કલમોમાં કરવામાં આવેલ જોગવાઈ અનુસારનો ગુનો કરેલો છે તથા આરોપી ગુનાહિત માનસિકતા ધરાવતો હતો, તેવું અનુમાન કરવું યોગ્ય, ન્યાયીક અને ઉચિત ન હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૨૮)** આ તબકકે એ નોંધવું જરૂરી છે કે, અત્રેની વિશેષ અદાલત જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૩૩ (૮), ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(એ)(૨)(૩) તથા (બી), જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો, ૨૦૨૦ના નિયમ–૯(૧)(૩) તથા ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમ–૫(૨),૯(૫) સાથે રીટ પીટીશન(સીવીલ) નં. ૬૬૫/

૨૦૧૨ ના કામે નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લઇ ભોગ બનનારને નિપજેલ હાની બાબતે વળતર અપાવી શકે તેમ છે. પરંતુ આ કામે ભોગ બનનાર તેમજ ફરીયાદ પક્ષ ધ્વારા જે સોગંદ ઉપર પુરાવો પુરો પાડવામાં આવેલો છે, તેને ધ્યાનમાં લેવામાં આવે તો ભોગબનનાર સાથે આક્ષેપ મુજબનો કોઈપણ બનાવ બનેલ હોવાની હકીકતો બાબતે ભરોસા પાત્ર, સબળ અને વિશ્વસનીય પુરાવો ફરીયાદ પક્ષે પુરો પાડેલ નથી. વધુમાં, ભોગબનનારને આક્ષેપિત બનાવના કારણે કોઈપણ પ્રકારે હાનિ પહોચેલ હોય અને તેનાથી કોઈપણ પ્રકારનો ખર્ચ કરવો પડેલ હોય કે સહન કરવું પડેલ હોય કે ભોગ બનનારે કોઈ ગુમાવવું પડેલ હોય, તેવી હકીકત બતાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલું જ નહિ, ભોગબનનાર સાથે આક્ષેપિત બનાવ બનેલ ન હોવાનું પુરવાર થતું હોય ત્યારે, ભોગબનનારને આવા બનાવના કારણે કોઈપણ પ્રકારની શારિરિક કે માનસિક હાનિ કે નુકશાન પહોચેલ હોવાનું સ્વીકારી શકાય નહી. આથી આ કામે ભોગ બનનાર કોઈપણ પ્રકારની સહાય મેળવવા હકકદાર ન હોવાનુ ઠરાવવામાં આવે તો તે યોગ્ય, ન્યાયી અને ઉચિત હોવાનુ આ અદાલતનું માનવુ છે.

(૨૯) આમ, આ કામનાં આરોપીએ ફરીયાદીની ઉ.૧૪ વર્ષ અને ૦૯ માસ અને ૦૭ દિવસની દિકરી તેના ઘર પાસે બેસેલ હોય તે વખતે આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતા ચોકલેટ આપવાના બહાને આરોપીએ તેના ગલ્લા પાસે બોલાવી છાતીના ભાગે હાથ નાખી છેડતી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઇ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનો ગુન્હો કરેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમા ઉપરોકત કરેલ ચર્ચાના આધારે મુદદા નં.૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદદા નં.૩ બાબતે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)** આ કામનાં આરોપી ચંદુભાઇ જેઠાભાઇ ચાવડા, રહે.થાનગઢ, આંબેડકરનગર–૫, શાળાનં.૧૦ પાસે, તા.થાનગઢ, જી.સુરેન્દ્રનગરનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૧)(આઈ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હા માંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના આરોપીના જામીન તથા જાત મુચરકો રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આ કામના આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટે રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજારપુરા) ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મૂચરકા આપવા હુકમ કરવામાં આવે છે.

**(૫)** નિયમ–૩૩(૮) મુજબ જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત ના અધિનિયમ, ૨૦૧૨ તેમજ સંબંધીત સહાય અંગેની જોગવાઈ અંગે ભોગ બનનાર પક્ષનાઓ વળતર/સહાય મેળવવા હકકદાર ન હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૬)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૬ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરેન્દ્રનગરને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**(૭)** આ કામે રજુ પુરાવાના કાગળો/દસ્તાવેજોમાં જ્યાં જ્યાં ભોગ બનનાર

ની ઓળખ છતી હોય તે તમામ અસલ કાગળો/દસ્તાવેજોને સીલબંધ કવર માં રાખી રેકર્ડ સાથે સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અને તે કાગળો દસ્તાવેજોનીનકલ ભોગ બનનારની ઓળખ છુપાય રહે તે રીતે રેકર્ડમાં સામેલ રાખવી.

હુકમ આજ રોજ તારીખ–૨૫મી, માહે–માર્ચ, સને–૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર.
તા.૨૫/૦૩/૨૦૨૬.

(નરેશભાઈ જી. શાહ)
સ્પેશ્યલ જજ (પોક્સો)
સુરેન્દ્રનગર
જજ કોડ નં.જીજે.૦૦૭૫૧.